જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર ચાદી નં.૧૩૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૬ બીયરટીન અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૮૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર ચાદી નં.૧૩૩૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર ચાદી નં.૧૩૪૦/૨૦૨૬**

એલીસબ્રીજઃ હસમુખભાઈ વાઘજીભાઈ શાહ (ઉ.વ.૪૮)(રહે.દિવ્યરથ એપાર્ટમેન્ટ પ્રિતમનગર પાલડી) એ તા.૨૨/૦૯/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૬ ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી હસમુખભાઈ શાહના મોબાઈલ નંબર ઉપર વોટસઅપમાં મેસેજ આવેલ કે "ગયા મહિનાનુ બીલ અપડેટ કરેલ ન હોવાના કારણે રાત્રીના ૦૯/૩૦ વાગે અમારી ગેસ સર્વીસ બંધ કરવાનુ જણાવેલ હતુ" તેમજ અજાણ્યા નંબર ઉપરથી ફોન કરી "અદાણી ગેસ તરફથી વાતચીત કરતા હોવાનુ જણાવી કહેલ કે "અપડેટ કરવુ પડશે તેના માટે તમારે રૂપિયા ૧૦ ટ્રાન્સફર કરવા પડશે અને હું તમને એક લિંક મોકલુ છુ તે તમે ખોલી અને તમારી વિગત ભરી દો જેથી અપડેટ થઇ જશે" ત્યારબાદ હસમુખભાઈ શાહના મોબાઈલ નંબરમાં લિંક મોકલતા જે લિંક ખોલી તેમા જણાવ્યા મુજબ હસમુખભાઈએ ક્રેડીટ કાર્ડ તથા ડેબીટ કાર્ડ ની વિગતો ભરી હતી. ત્યારબાદ તા.૦૭/૦૯/૨૦૨૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે હસમુખભાઈના પત્નીના એચ.ડી.એફ.સી.બેંકના ખાતામાંથી તેમજ હસમુખભાઈ શાહના કોટક મહિંન્દ્રા બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૦૪,૯૮૦/– અજાણી વ્યક્તિએ ઉપાડી લઈ હસમુખભાઈ શાહ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

સરખેજઃ પ્રદીપકુમાર રવજીભાઈ રૈયારેલા (ઉ.વ.૭૨)(રહે. ઓર્ચિડ વ્હાઈટ ફિલ્ડ, મકરબા રેલ્વે ક્રોસિંગ પાસે, મકરબા સરખેજ) એ તા.૨૨/૦૯/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૩૩૨૭૪૩૩૬૫ ના ધારકે પ્રદિપકુમારને ફોન કરી "તમે ફેસબુક એપ્લીકેશનમાં BANK OF BARODA PENSION CARD મા PENSION CARD લેવા માટે એપ્લાય કરેલ છે" તેમ જણાવી પ્રદિપકુમાર પાસેથી નામ–સરનામા તેમજ બેંકના ખાતાની વિગત મેળવી લઇ, પ્રદીપકુમારના બેંક ઓફ બરોડા બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૪,૯૯,૫૦૦/– તેઓના પંજાબ નેશનલ બેન્કના ખાતામાં ઓનલાઇન ટ્રાન્જેકશન કરી લઈ પ્રદિપકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.એલ.ચાવડા ચલાવે છે.

વાડજ: પ્રભાબહેન રામભાઇ પટેલ (ઉ.વ.૬૨)(રહે.હરીઓમ એપાર્ટમેન્ટ બલોલનગર રોડ નવજ્યોત સ્કુલ સામે નવા વાડજ) એ તા.૨૨/૦૯/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાના "યુગ પાર્લર" નામની દુકાને હાજર હતા ત્યારે એક એકટીવા ઉપર બે પુરૂષ આવ્યા હતા અને પે.ટી.એમ કંપનીમાંથી આવતા હોવાની ઓળખ આપી, "તમારા પે.ટી.એમ.નો ચાર્જ જીરો કરી આપીએ" તેમ કહી પ્રભાબહેનને વિશ્વાસમાં લઈ પ્રોસેસ માટે પ્રભાબહેનનો મોબાઇલ ફોન લઇ તેમની સામે પે.ટી.એમ.માં રૂપિયા એક નું ટ્રાન્ઝેકશન કરાવ્યુ હતું. દરમ્યાન ઓનલાઈન માધ્યમથી મોબાઇલ દ્વારા પ્રભાબહેનના ખાતામાંથી રૂપિયા ૪૯,૯૯૯/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઇ પ્રભાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.પી.ગરાસીયા ચલાવે છે.

સાયબર ક્રાઇમ: નંદકિશોર ગોરધનભાઇ ટાંક (ઉ.વ.૭૧)(રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમાં, વિમા યોજના દવાખાના સામે, કલાપીનગર, મેઘાણીનગર) એ તા.૨૨/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૨૬ થી તા.૧૭/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ નંદકિશોર ટાંકની પરીચીત વ્યક્તિનો વોટ્સએપ નંબર હેક કરી તે નંબરથી નંદકિશોર ટાંકના મોબાઇલ ફોનમાં લગ્ન કંકોત્રી નામની A.P.K ફાઇલ મોકલતા, જે ફાઇલ નંદકિશોર ટાંક નાઓએ ડાઉનલોડ કરતા, અજાણી વ્યક્તિએ નંદકિશોર ટાંકના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી લઇ તેમના આઇ.ડી.પાસવર્ડ અને ઓટીપી મેળવી લઇ, નંદકિશોર ટાંકના બેંકના ખાતામાંથી ઓનલાઈન માધ્યમથી જુદા-જુદા ટ્રાન્ઝેકશનથી કુલ રૂપિયા ૬,૩૮,૫૭૮/- ટ્રાન્સફર કરી લઇ નંદકિશોર ટાંક સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

ઝેરી જીવજંતુ કરડી જતા મૃત્યુ: **સમાચાર ચાદી નં.૧૩૪૧/૨૦૨૬**

નિકોલ: કઠવાડા ગામ કઠવાડા સીંગરવા રોડ આર.કે.સી.પ્લાન્ટ ખાતે રહેતા અને છુટક મજુરી કામ કરતા પ્રવિણભાઈ નાથુભાઈ થોરી (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ-ભાગીદરા તા-આનંદપુરી જી-બાસવાડા રાજસ્થાન) નાઓનો સાત વર્ષનો પુત્ર તા.૨૧/૦૯/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘર નજીક આવેલ ખેતર રમવા માટે ગયો હતો ત્યારે પગના ભાગે ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૮/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યા: **સમાચાર ચાદી નં.૧૩૪૨/૨૦૨૬**

વાસણા: મનિષાબહેન વા/ઓ કમલેશભાઇ સરગરા (ઉ.વ.૨૮) (રહે.રીવરસાઇડ પાર્ક સોસાયટી, વૈશાલી ટાઉનશીપ વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૬ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે વાસણા સવણશિવનગર સોસાયટી મકાન ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને ડૉ. જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ગોહીલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી